6/113

Done

દિવ્યભાસ્કર - તા.૦૨/૧૨/૧૯ સોમવાર

# ડો. આંબેડકર યુનિવર્સિટીમાં નવા પ્રકલ્પોનું CMએ ઉદઘાટન કર્યું

## 'તેજ-તૃષા' પ્રતિભા શોધમાં 36 સ્પર્ધા યોજાઈ, જેમાં 500 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો

**એજ્યુકેશન રિપોર્ટર | અમદાવાદ**

ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં રવિવારે નવાં પ્રકલ્પોનુ મુખ્યમંત્રીના હસ્તે ઉદ્ઘાટન- કરવામાં આવ્યું હતુ. મુખ્યમંત્રી વિજય રૂપાણી અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે 'તેજ-તૃષા' પ્રતિભા શોધ સ્પર્ધા અને મોડલ લર્નર સપોર્ટ સેન્ટર 'ગુરૂકુળ' અને સ્પેશિયલ લર્નર સપોર્ટ સેન્ટર 'અત્રિ'નુ ઉદ્ઘાન કરાયુ હતું.

'તેજ-તૃષા' પ્રતિભા શોધમાં 36 જેટલી સ્પર્ધા રખાઈ હતી. જેમાં યુનિવર્સિટીના 500 જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક અને સાહિત્યિક સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. 'તેજ-તૃષા' પ્રતિભા શોધ સ્પર્ધાઓ ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં રહેલી પ્રતિભાને બહાર લાવવા અને યોગ્ય દિશા આપવા માટે એક વિશિષ્ટ માધ્યમ રૂપે આયોજિત થઈ હતી.

આ સાથે યુનિવર્સિટીમાં મોડલ લર્નર સપોર્ટ સેન્ટર 'ગુરૂકુળ'નુ ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. જે દ્વારા યુનિવર્સિટી ખાતે અતિ આધુનિક અને ગુજરાતમાં મોડલરૂપ બની શકે તેવુ અભ્યાસ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું. રૂપાણીએ જણાવ્યું હતું કે,'ગુજરાતના શિક્ષણમાં દૂરવર્તી શિક્ષણના માધ્યમ તરીકે આ યુનિવર્સિટીનો વધતો ફાળો ગુજરાતના શિક્ષણને એક ચોક્કસપણે દિશા આપશે,'